# તલોદમાં બની રહેલ રોડમાં ભ્રષ્ટાચાર થયાનો વિપક્ષનો આક્ષેપ

## ગુણવત્તા વગરના રોડ, આડેધડ રોડ, ખાનગી માલિકીની જગ્યાએ રોડ, વરસાદી પાણીના વ્યવસ્થા વગરના રોડ તેમજ ટેન્ડરની શરતોનો ભંગ વગેરે આક્ષેપ સાથે વિપક્ષે ધરણા કરવાની ચિમકી આપી

તલોદ, તા. ૨૯

તલોદ નગરપાલિકા વિસ્તારમાં જુદા જુદા સ્થળે પૂર ઝડપે નવીન રોડ બનાવવામાં આવી રહ્યા છે. આ રોડ બનાવવામાં ટેન્ડરની શરતોનો ભંગ થઈ રહ્યો છે. તેમજ યોગ્ય ગુણવત્તા જળવાતી નથી. આડેધડ કામ કરાતુ હોવાનો વિરોધ પક્ષના નેતાએ સત્તાવાળાઓને પત્ર લખી આક્ષેપ કર્યો છે. વધુમાં યોગ્ય તપાસ કરવામાં નહી આવે તો પાલિકા સમક્ષ જાહેરમાં ધરણા યોજી પ્રદર્શન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

તલોદ નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા અને કાઉન્સીલ રંગુસિંહ બી. સોલંકીએ પ્રમુખ તથા ચિફ ઓફીસરને પત્ર પાઠવી પાલિકા



વિસ્તારમાં નવીન બનતા રોડમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ કર્યો છે. વિરોધ પક્ષના નેતાએ પત્રમાં લખ્યુ છે કે બની રહેલા રોડકામમાં પ્લાન એસ્ટીમેઈટ તેમજ ટેન્ડરની શરતો મુજબ કામ થતુ નથી જે કારણે યોગ્ય ગુણવત્તા જળવાતી નથી, વધુમાં રોડના બન્ને લેયરમાં કોઈ જ સમયગાળો રાખ્યા સિવાય કામ કરી દેવામાં આવે છે, રોડ બન્યા પછી પૂરતા પ્રમાણમાં પાણીનો છંટકાવ થતો નથી. નગરપાલિકા હસ્તક ન હોવા છતાં અને ખાનગી માલિકીની જગ્યા હોય ત્યાં પણ રોડ કામ કરવામાં આવી રહેલ છે. પત્રમાં જણાવ્યું છે કે નવીન બનતા રોડમાં જે તે વિસ્તારની ભૌગોલિક સ્થિતિને ધ્યાને લિધા સિવાય વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કર્યા સિવાય રોડ બનાવવામાં આવે છે. જેથી ભવિષ્યમાં નવીન બનેલ રોડ તોડવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

નગરપાલિકાએ રોડ કામના નિરીક્ષણ માટે રોકેલ કોઈ માણસ કામ દરમ્યાન હાજર રહેતા નથી. જેથી યોગ્ય માર્ગદર્શનના અભાવે આડેધડ રોડ બનાવવા ખાતર બની રહ્યા છે. આ તમામ બાબતો ધ્યાને લઈ યોગ્ય તપાસ કર્યા વગર કોઈ પણ પ્રકારનું ચુકવણું કોન્ટ્રાક્ટરને કે કન્સલ્ટન્ટને ન કરવા જણાવાયુ છે. વધુમાં આ પત્ર મળેથી દિન-૭માં યોગ્ય તપાસ કરવા જણાવી તેમ કરવામાં કસુર થયેથી પાલિકા સમક્ષ જાહેરમાં ધરણા યોજી પ્રદર્શનની પણ ચિમકી આપવામાં આવી છે. વિરોધ પક્ષ દ્વારા કરવામાં આવેલ આક્ષેપને પ્રજાજનોનું પણ સમર્થન પ્રાપ્ત થઈ રહ્યુ છે. જેથી શહેરમાં ખળભળાટ મચી ગયો છે.

# મોડાસામાં નાણા ધીરનારને નકલી સોનાના દાગીના આપી ૧.૧૯ કરોડની છેતરપિંડી

મોડાસા, તા. ૨૯

મોડાસામાં ધીર ધારનો ધંધો ફૂલ્યો ફાલ્યો છે અને સોના ચાંદીના દાગીના સામે રૂપિયા ધીરતી હાટડીઓ ઠેર ઠેર ખુલી ગઈ છે. મોડાસામાં નાણા ધીરનાર એક શાહુકારને મોડાસાના એક સોનીએ નકલી સોના ચાંદીના દાગીના પધરાવી કરોડો રૂપિયાની ઠગાઈ કરતા અને નાણા ધીરનારને દાગીના નકલી હોવાની જાણ થતા સોની પાસે રૂપિયા પરત માંગતા સોનીએ જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને નાણા ધીરનાર શાહુકારે છેતરપિંડી કરનાર સોની સામે ૧.૧૯ કરોડની ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસામાં નવજીવન ચોકમાં રહેતા અને નાણા ધીરનારનો ધંધો કરતા પ્રકાશભાઈ લાલચંદ શાહ પાસેથી નાલંદા-૨ સોસાયટીમાં રહેતા હિતેશ અમૃતલાલ સોનીએ નકલી સોનાના દાગીના પર જાતે કેડીએમ ૯૧૬ થતા ૨૨ કેરેટના સરકારી ટ્રેડમાર્ક છાપી તદુપરાંત ધિરાણ મેળવવા દુકાન વેચાણ લેવામાટે અને સાદું વ્યાજ મળી ચુકવવામાં થતા ૧.૧૯ કરોડ રૂપિયા આપવામાં ગલ્લાંતલ્લાં કરતા અને રૂપિયાની ઉઘરાણી કરતા રૂપિયા આપવાને બદલે જાનથી મારી નાખવાની ધમકી આપતા નાણાં ધીરનાર વેપારીએ હિતેશભાઈ અમૃતલાલ સોની સામે મોડાસા ટાઉન પોલીસે સ્ટેશને ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં એક કરોડ રૂપિયાની છેતરપિંડીની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો હતો.

# શ્રી મોડાસીયા કડવા પાટીદાર સમાજ હિંમતનગર આયોજિત શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ

## તેજસ્વી તારલાઓ તથા સમાજના વિશીષ્ટ વ્યક્તિઓના સન્માન કરવામાં આવ્યું

મોડાસા, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નવા બાકરપુર ખાતે શ્રી





મોડાસીયા કડવા પાટીદાર સમાજ હિંમતનગર દ્વારા ૨૯-૧૦-૨૦૧૭ને રવિવારના રોજ ૨૫મો પુરસ્કાર સમારોહ યોજાયો હતો. જેમાં મોડાસીયા કડવા પાટીદાર સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

નવા બાકરપુર ખાતે યોજાયેલ શ્રી મોડાસીયા કડવા પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત મહેમાનોનું પણ ફુલછડી તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહના દાંતા ગં.સ્વ. પટેલ ભીખીબહેન પોપટલાલ હસ્તે ડૉ. દિનેશભાઈ પટેલ હાજુપુરા વાળા પરીવારના



સહિયોગથી યોજાયો હતો. જેમાં એસ.એસ.સી., એચ.એચ.સી. કોલેજ સુધીના તેજસ્વી તારલાઓનુ ઉપસ્થિત મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે સમાજનાં વિશીષ્ટ વ્યક્તિઓ નું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઈનામના દાંતાઓનું પણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જયારે સમાજના તારલાઓને ઈનામ તથા મોમેન્ટો આપી સમાજ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. જયારે આ પ્રસંગે ડૉ. બાબુલાલ એમ. પટેલ, દિનેશભાઈ. એસ. પટેલ, સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ, મંત્રી નરહરિપ્રસાદ પટેલ, શિક્ષણ કન્વીનર રાજેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ સહ કન્વીનર ચીમનભાઈ પટેલ, ભગીભેન બેન પટેલ સહિત સમાજના પદાઅધિકારીઓ કારોબારી સભ્યો સહિત સમાજના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખેડબ્રહ્મામાં આરાધના સિનેમા સામેથી બાઈક ચોરાયુ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા આરાધના સિનેમા સામે રહેતા ઈશ્વરભાઈ ઉબોડ, સેન્ટીંગ કામ કરે છે. જેઓ શનિવાર રાત્રે ૭.૩૦ વાગે ઘરે આવેલ અને ઘરે જઈ જમીને પરત બહાર આવતા પાર્ક કરેલ હિરોહોન્ડા સીડી ડીલક્ષ જીજે૯.સીજે.૯૪૮૭ હતુ નહી. જેથી આજુબાજુ તપાસ કરવા છતાં મળી આવેલ નહી. જેથી બાઈક ચોરાયુ હોવાનુ જાણવા મળ્યુ હતુ.

## અરવલ્લી જિલ્લામાં એમસીએમસી અને ઈમએમસી કાર્યરત

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થતાંની સાથે અરવલ્લી જિલ્લા સેવા સદનમાં ચૂંટણીલક્ષી કામગીરીનો ધમધમાટ શરૂ થયો છે. ચૂંટણીલક્ષીની તમામ કામગીરી એક જ સ્થળેથી થાય તે હેતુથી મોડાસા જિલ્લા સેવા સદનમાં જ ખાસ ઈલેક્શન વોર રૂમ શરૂ કરવામાંઆવેલ છે. જિલ્લા સેવા સદનમાં તાત્કાલિક ઉભા કરાયેલા ઈલેક્શન વોર રૂમમાં તમામ ચૂંટણીલક્ષી કામગીરી એક જ સ્થળેથી થાય તેવો પ્રયાસ કરાશે. અગાઉના સમયમાં જુદી જુદી કચેરી અને ઓફિસોમાં બેસતા ચૂંટણી અધિકારી સહિતના અધિકારીઓ હવે એક જ ઈલેક્શન વોર રૂમમાં બેસી કામગીરી સંભાળી રહ્યા છે.

જેથી કામગીરીમાં સરળતા આવી છે. તો બીજી તરફ મતદારોને પણ સંપર્ક કરવા બાબતે કે કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં અનુકૂળતા સાંપડશે તેમજ વિવિધ રાજકીય પક્ષો અને સ્થાનિક નેતા કે આગેવાનો દ્વારા ચૂંટણીલક્ષી સભા કે રેલીના આયોજન માટેની પરવાનગી માટે જુદી જુદી ઓફીસ કે કચેરીના ધક્કા ખાવી નહીં પડે એક જ ટેબલ અને એક જ અધિકારી પાસેથી મંજૂરી મેળવી શકાશે. જિલ્લા સેવા સદનમાં કાર્યરત ઈલેક્શન વોર રૂમમાં મતદાર યાદી, યાદીમાં નામ છે કે કેમ તે અંગેની પૂછપરછ, બુથની માહિતી, મતદાર સ્લીપ, વિડીયોગ્રાફી, ચૂંટણી ખર્ચ, સંવેદનશીલ બુથ, ઉમેદવારોના એફીડેવિટ ફોર્મ, વોટીંગ ગાઈડ, મતદારો માટે હેલ્પલાઈન, જાહેરાત વિભાગ, વેબ કાસ્ટીંગ, મતદાન મથકની વ્યવસ્થા સહિતના તમામ મુદ્દે જુદા જુદા ટેબલ વોર રૂમમાં કાર્યરત કરાયા છે.

# ખીમાણા-શિહોરી હાઈવે રોડ પર ચેખલા ગામ પાસે કારમાં આગ લાગતા અફરાતફરી

શિહોરી, તા. ૨૯

પ્રાપ્ત વિગતો અનુસાર શિહોરીથી ખીમાણા તરફ જઈ રહેલ



એક કારમાં અચાનક શોર્ટ સર્કીટ થતાં આગ ફાટી નીકળી હતી અને ફાયર ફાઈટર આવે એ પહેલા બળીને ભસ્મીભૂત થઈ જવા પામી હતી. જો કે ડ્રાઈવરે સમય સુચકતા દાખવી અંદર બેઠેલ ૩ વ્યક્તિનો આબાદ બચાવ થવા પામ્યો હતો. આગ લાગતા જ અંદર બેઠેલા લોકો નીચે ઉતરી બુમાબુમ કરતા લોકોના ટોળા એકઠા થવા પામ્યા હતા અને સ્થાનિક લોકોએ પાણીનો મારો ચલાવ્યો હતો અને ફાયર ફાઈટરને જાણ કરતા જ ફાયર ફાઈટર ટીમ ઘટનાસ્થળ ઉપર આવી આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે ગાડી દિયોદર તાલુકાની હોવાનુ જાણવા મળ્યુ હતુ. પરંતુ ગાડીનો ચાલક તથા અંદર બેઠેલા માણસો ત્યાંથી રફુચક્કર થઈ જતા વધુ વિગત મળી ન હતી. આમ ખીમાણા શિહોરી રોડ ઉપર હોટેલ રાજધાની સામે રોડ પર ચાલતી કારમાં શોર્ટસર્કીટ થતા આગ લાગતા અફરા તફરી મચી જવા પામી હતી. જો કે હમણાથી આગ લાગવાના બનાવો વધવા પામ્યા છે.




## મોડાસાથી એકલિંગજી પદયાત્રા રથનું ભક્તિભાવ પૂર્વક પ્રસ્થાન

અરવલ્લી જિલ્લા બ્રહ્મસમાજ દ્વારા મોડાસાથી એકલિંગીજી (રાજસ્થાન) સુધી ૧૮૦ કિલોમીટર સુધીની પદયાત્રા રથયાત્રાનું પ્રસ્થાન રવિવારે મોડાસાના માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરથી ૫૦થી વધુ પદયાત્રીઓ સાથે ભક્તિભાવ પૂર્વક પ્રસ્થાન થયું હતું. આ પદયાત્રામાં ટીંટોઈ, શામળાજી અને ખેરવાડા(રાજ)થી વધુ પદયાત્રીઓ જોડાશે. સતત બીજા વર્ષે મોડાસાથી એકલિંગજી સુધી પદયાત્રા યોજાતા મોટી સંખ્યામાં બ્રહ્મસમાજ સહીત નગરજનો પ્રસ્થાન સમયે ઉપસ્થિત રહ્યા હતા. એકલિંગજી ખાતે લાભશંકર શાસ્ત્રીના હસ્તે સામુહિક લગુરુદ્ર યજ્ઞ યોજાશે.

## પઢારા ગામના તળાવમાં ડૂબી જવાથી એક યુવકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકાના પઢારા ગામે ગયા મંગળવારના સાંજના ઘરેથી નીકળેલ પોપટભાઈ નાથાભાઈ મકવાણા પરત ફરેલ નહી. જેથી તપાસ કરતા શનિવારના રોજ ગામના તળાવમાંથી તેમનો મૃતદેહ કાઢ્યો હતો. મૂળ આંબલી, તા. કોટડાના વતની પોપટભાઈ પધારા રહેતા હતા. જેમનો મૃતદેહ પાણીમાંથી મળતા પત્ની હોનકિબેને પોલીસને જાણ કરતા પોલીસે કોઈ અગમ્ય કારણસર પાણીમાં પડી જઈ ડૂબી જવાથી મોત નિપજ્યુ હોવાનું ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



અરવલ્લી જિલ્લામાં મોડાસા વિધાનસભા ક્ષેત્રના ૩૩૧ બુથ સહિત જિલ્લાના ૧૦૩૯ બુથો ઉપર આજે રવિવારે રેડિયો ઉપર પ્રસારિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મનકી બાત ટીવી માધ્યમથી લોકોએ સાંભળી હતી. જેમાં મોડાસાના રાજલી બુથ ઉપર પણ વિસ્તારક પ્રભુદાસ પટેલની ઉપસ્થિતિમાં સ્થાનિકોએ પ્રધાનમંત્રીની મનકી બાત સાંભળી હતી.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

બંધારણીય સુરક્ષા પ્રદાન કરતી જોગવાઈઓ બંધારણમાં જોડતી વેળા આપી હતી. નીડર રહીને કામ કરવાની તેમની સલાહ હતી. બ્યૂરોક્રસી કહ્યાગરી બની રહેવાને બદલે રાષ્ટ્રના હિતમાં નીડર અને સ્પષ્ટ મત વ્યક્ત કરનારી થાય એવો આગ્રહ રાખ્યો હતો. બ્યૂરોક્રસી એના રાજકીય શાસકોની કહ્યાગરી ના થાય અને તટસ્થપણે નિર્ણયો લેનારી બની રહે, એવી સલાહના અમલની શરૂઆત સરદારે પોતાનાથી જ કરી હતી. સાચી વાત કરનાર કે તટસ્થ નિર્ણય કરનાર અધિકારી દંડાય નહીં એ માટેની બંધારણીય સુરક્ષા બક્ષવાના પક્ષધર નાયબ વડા પ્રધાને બંધારણ સભામાં જ પોતાના પક્ષના વિવિધ મુખ્ય પ્રધાન - પ્રધાનોની અધિકારીઓને નોકર ગણીને દબડાવવાની વૃત્તિનો પણ ઉધડો લીધો હતો.

અત્યારે તો તટસ્થ નિર્ણયો લેનારા અધિકારીઓને તમામ પક્ષના શાસકો થકી દંડિત કરવાની વૃત્તિની બોલબાલા જોવા મળે છે. સરદારને અભિપ્રેત રાષ્ટ્રના હિતના સાચા કસ્ટોડિયનો પણ હવે લુપ્ત થવા માંડ્યા હોય એવું લાગ્યા વિના રહેતું નથી. સાથે જ ૨૧ એપ્રિલના રોજ વડા પ્રધાન કે મુખ્ય પ્રધાનો થકી સનદી અધિકારીઓને અપાતી શીખમાં સૂચક રીતે ધમકી અપાતી હોવાનો અણસાર મળે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ થકી પ્રજાની સમસ્યાઓ રજૂ થાય એમને ઉકેલવા પર ભાર મૂકાય છે. લોકપ્રિય અને લોકરંજક નિર્ણયો લેવાના રાજકીય શાસકોના આગ્રહને કારણે એમના ચરણમાં પડીને લાભાન્વિત થવાનું પસંદ કરનારા સનદી અધિકારીઓની સંખ્યા વધતી જઈ રહી છે.નિષ્ઠાવંત સનદી અધિકારીઓમાંથી જે કોઈ તટસ્થ રહીને રાજકીય સત્તાધીશોને અનુકૂળ નિર્ણય કરવાનો નન્નો ભણે એમના પર હુમલા થવાનાં દશ્યો હવે માત્ર ફિલ્મો પૂરતાં સીમિત રહ્યાં નથી. રાજકીય પક્ષના કાર્યકરો જ નહીં, ધારાસભ્યો-સાંસદો થકી સંબંધિત અધિકારીઓના ઘેરાવ, તેમના હુમલા અને છેવટે રાજકીય સત્તા થકી પીનલ પોસ્ટિંગ કે બનાવટી ખટલાઓમાં એમને સંડોવી દેવાની પ્રવૃત્તિ ખૂબ ફૂલીફાલી છે. બ્યૂરોક્રસીને નીડર રહીને, તટસ્થપણે પ્રામાણિકતાથી નિર્ણય કરવાની સરદાર પટેલની સલાહનું અનુકરણ કેટલું જોખમી બન્યું છે એ સમજી શકાય છે. હજુ પેલાં આદર્શવાદી ટમટમિયાં સાવ નેસ્તનાબૂદ નથી થયાં.સરદાર પટેલના નામનો રાજકીય ચલણ તરીકે જ ઉપયોગ કરવાને બદલે એમના જીવનના આદર્શોનું અનુસરણ કરનાર હયાત છે ત્યાં લગી ભારત "બનાના રિપબ્લિક"નહીં થાય એવી શ્રદ્ધા જરૂર ટકે છે.સત્યમાં જ ઈશ્વર નિહાળવાની ગાંધીજીની આદર્શ પરંપરા જળવાય ત્યાં લગી ભારતના અસ્તિત્વને વાંધો નહીં આવે.સૌથી મોટું જોખમ સમાજ અને દેશને માથે હજુ ઝળૂંબે છે : ગાંધીજીનું નામ વટાવીને દુરાચાર કરનારા કૉંગ્રેસી શાસકો થકી જેમ મહાત્મા બદનામ થયા,એ જ રીતે સરદાર પટેલનું નામ વટાવી ખાનારા વામણાઓ આ રાષ્ટ્રનાયકને બદનામ ના કરે એટલી અપેક્ષા અને અભ્યર્થના રાખવી ઘટે.

-haridesai@gmail.com

# મોડાસાના હજીરા વિસ્તારના ખાડામાં પાર્ક કરેલ ટ્રકમાંથી ૧૬.૬૩ લાખના મુદ્દામાલની લૂંટથી ચકચાર

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં ચોર લૂંટારુ ગેંગનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. જાણે ખાખી વર્દીનો ખોફનો કોફ જાણે ઓસરી ગયો હોય તેમ ચોરી લૂંટની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળતા જિલ્લાના પ્રજાજનો ચોર લૂંટારુ અને ઘરફોડગેંગના આતંકથી થર થર કાંપી રહ્યા છે. મોડાસા શહેરમાં મંગળવારે રાત્રીના સુમારે હજીરા વિસ્તારમાં ખાડામાં પાર્ક કરેલા ટ્રકમાંથી ૧૬.૧૩ લાખના ઓઈલ કાર્ટૂન સહીત ટ્રકમાં રહેલ અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી ૧૬.૬૩ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ જતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ટ્રક ડ્રાઈવરે ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે કોઈ અજાણ્યા ચોર ઈસમ સામે ચોરીનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મંગળવાર રાત્રીના સુમારેથી બુધવારે સવારના સમય સુધીના ગાળામાં મોડાસાના હજીરા વિસ્તારના ખાડામાં પાર્ક કરેલી ટ્રક(ગાડી.નં-જીજે૩૧ટી-૧૨૭૭)માં ભરેલ ઓઈલ કાર્ટૂન નંગ-૫૧૧ની કિંમત રૂપિયા ૧૬૧૩૦૫૫ સહીત બે ટાયર કિંમત રૂ.૪૦૦૦૦, તાડપત્રીની કિંમત રૂ.૧૦૦૦૦ અને રસ્સી નંગ-૩ કિં. રૂ.૧૫૦૦ મળી કુલ રૂ.૧૬૬૩૦૫૫ની મુદ્દામાલની ચોરી કરી અજાણ્યો શખ્શ ફરાર થઈજતા ટ્રક ડ્રાઈવર ઈશાકભાઈ અહેમદભાઈ ચગન(ઉં.વર્ષ.૫૫) રહે. સંજર સોસાયટીએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલિસે અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધી ચોરી કરનાર શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી ગુન્હાનો ભેદ ઉકેલવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.